જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૦/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૩૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૩૦૫ લીટર દેશી દારૂ, ૨૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૭૩૮ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૩૮ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ મીની ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૭૦૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૩૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૫ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૩૬/૨૦૨૫**

નવરંગપુરાઃ ઈશ્વરભાઈ માંગીલાલ પ્રજાપતી (ઉ.વ.૪૮) (રહે. ૧૬૧૯ સુરત ચાલી નાયર પંચરવાળાની પાછળ સ્ટેશન રોડ વડતાલ બસ સ્ટેન્ડ સામે ગામ–વડતાલ તા–નડીયાદ જી–ખેડા) એ તા.૧૧/૧૦/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઈશ્વરભાઈ પ્રજાપતી વિઝાનું કામ કરી/કરાવતા હોય માહે ડિસેમ્બર/૨૦૨૪ થી જુલાઈ ૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) બલજીત જશવંતસીંગ કોર (રહે.રાયસર બરનાલા પંજાબ) (૨) જીન્દરસીંગ ઉર્ફે હરમસીંગ સુદર્શનસિંહ સીંગ (રહે. ૩૦૪૪ ગ્રાઉન્ડ ફલોર ગલી નં–૭૬ બી/બ્લોક સંતનગર વીટીસી બુરારી) તથા (૩) આકાશ ઉર્ફે પરમજીતસિંગ રામપ્રકાશ મલીક (રહે. ગોકુલધામ પાસે સેકટર–૧૪ હરીસ્સાર મુ.પો–હિસ્સાર હરીયાણા) (૪) ગુરુગોવિંદસિંહ ઉર્ફે સંજુ ચૌધરી (રહે. રાયસર(પંજાબ) બરનાલ પંજાબ) (૫) નવરંગપુરા સી.જી.રોડ સ્વસ્તીક ચાર રસ્તા ખાતે પટેલ જયંતી અંબા કોર્પા.માં કામ કરતા વ્યક્તિઓ તથા (૬) બાપુનગર એચ.રમેશ આંગડીયા ખાતે કામ કરતા ચેતન નામના વ્યક્તિએ ભેગા મળી વિશ્વાસમાં લઈ ઈશ્વરભાઈ પ્રજાપતીના ગ્રાહકનો કેનેડાના વર્ક વિઝા તથા વિઝિટર વિઝાનું કામ સારૂં નવરંગપુરા સી.જી.રોડ સ્વસ્તીક ચાર રસ્તા ઓમ કોમ્પલેક્ષમાં બીજા માળે આવેલ પટેલ જયંતી અંબા કોર્પા. ખાતે તથા બાપુનગર ૨૦૬, અરુણ ચેમ્બર્સ ડાયમંડ માર્કેટના બીજા માળે એચ.રમેશ આંગડીયા પેઢી ખાતેથી રૂપિયા ૭૮,૦૦,૦૦૦/– મેળવી લઈ વિઝા નહી કરાવી તેમજ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૩૭/૨૦૨૫**

સાબરમતીઃ અમિતભાઈ પંકજભાઈ કાપડીયા (ઉ.વ.૨૬) (રહે. શાંતીધામ ફ્લેટ ડી કેબીન સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૫ સવારના ૫/૦૦ થી ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઈ મંગળભાઈ ચલાવે છે.

ગોમતીપુરઃ રમેશભાઇ બિજલભાઇ સોલંકી (ઉ.વ.૫૨) (રહે. શેઠ કોઠાવાળા પોરાની ચાલી ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૫ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શક્તિસિંહ રણજીતસિંહ ચલાવે છે.

અમરાઈવાડીઃ બંટી જાગેશ્વર વર્મા (ઉ.વ.૩૧) (રહે. બલરામભાઈની ચાલી મોદીનગર હાટકેશ્વર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના પતરાની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

રામોલઃ ઉતમભાઇ ચિંતામન કોષ્ટી (ઉ.વ.૬૮) (રહે. કૈલાસ કોલોની ભૈરવી ટાવર પાસે સી.ટી.એમ.) એ બિમારીથી કંટાળી તા.૧૧/૧૦/૨૦૨૫ કલાક ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની સીડીમા અર્ધ વચ્ચે રુમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી